રજિસ્ટર સં. ડીએલ.-(એન)૦૪/૦૦૦૭-૨૦REGISTERED NO.DL-(N)04/0007/2003-20

# ભારતનું રાજપત્ર
# THE GAZETTE OF INDIA

સી.જી.-ડી.એલ.-અ.-૨૭૦૯૨૦૨૦-૨૨૨૦૩૯
CG-DL-E-27092020-22039

અસાધારણ
EXTRAORDINARY
ભાગ II - ખંડ 1
PART II - Section 1
સત્તાધિકારી દ્વારા પ્રકાશિત
PUBLISHED BY AUTHORITY

સં. 46] નવી દિલ્હી, રવિવાર, સપ્ટેમ્બર 27,2020/અશ્વિન૫, ૧૯૪૨ (શક)
No. 46] NEW DELHI, SUNDAY, SEPTEMBER 27, 2020/ ASHWAIN5, 1942 (SAKA)

આ ભાગને અલગ પૃષ્ઠ ક્રમ આપવામાં આવ્યા છે જેથી તે અલગ સંકલિત સ્વરૂપમાં રાખી શકાય.
Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

## કાયદો અને ન્યાય મંત્રાલય

**(વૈધાનિક વિભાગ)**

**નવી દિલ્હી, સપ્ટેમ્બર 27,2020, ૨૦૨૦/અશ્વિન૫, ૧૯૪૨ (શક)**

**સંસદના નીચેના અધિનિયમને 24 સપ્ટેમ્બર 2020 ના રોજ રાષ્ટ્રપતિને ઉચ્ચારણ મળ્યો અને તે સામાન્ય માહિતી માટે અહીં પ્રકાશિત કરવામાં આવ્યો**

# કૃષિ ઊપજ વેપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) અધિનિયમ, ૨૦૨૦, ૨૦૨૦ ની સંખ્યા ૨૧ ની

[24સપ્ટેમ્બર,2020 ]

*આ અધિનિયમ પરિસ્થિતિની એવી વ્યવસ્થાનું સર્જન કરવાની જોગવાઈ કરે છે કે જેમાં કૃષિઓ અને વેપારીઓ પોતાની મરજી પ્રમાણે કૃષિ ઊપજના ખરીદ-વેચાણના હરીફાઈયુક્ત વિકલ્પોમાંથી પસંદગી કરવાની સ્વતંત્રતાનો ઉપયોગ કરે તેવીવ્યાપારિક પ્રણાલીની સુવિધા મેળવે; તે કૃષિ ઊપજના વિવિધ રાજ્યોના બજારમાં કે માની લેવામાં આવેલી બજારના કાયદા અનુસાર અધિસૂચિત બજારના સ્થળે કૃષિ ઉત્પાદનો રાજ્યની અંદર તથા રાજ્યની બહારના વેપાર તથા વાણિજ્ય માટે કાર્યક્ષમ, પારદર્શક અંને અવરોધ રહિત વૃદ્ધિની જોગવાઈ કરે છે; તે ઈલેક્ટ્રોનિક વ્યાપાર અને તેની સાથે સંકળાયેલી આનુષંગિક બાબતો સુલભ બને તેની જોગવાઈ કરે છે.*

ભારતના પ્રજાસત્તાકના સિત્તેરમા વર્ષમાં સંસદ દ્વારા તે ઘડવામાં આવે નીચે પ્રમાણે: -

## પ્રકરણ ૧
## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમને કૃષિ ઊપજ વ્યાપાર અને વાણિજ્ય(સંવર્ધન અને સુવિધા)અધિનિયમ,૨૦૨૦, કહેવામાં આવશે. — ટૂંકુ શીર્ષક અને પ્રારંભ

(૨) આ તાત્કાલિક અસરથી લાગુ પડશે.

૨. આ અધિનિયમમાં, જ્યાં સુધી બીજો કોઈ સંદર્ભ આપવામાં ન આવે, ત્યાં સુધી નીચેની બાબતો જરૂરી રહેશે- — વ્યાખ્યાઓ

(ક) 'કૃષિ ઊપજ' એટલે, -

(i) ખાદ્યપદાર્થો કે જેમાં ઘઉં, ચોખા અને અન્ય સામાન્ય અનાજ બીજ, દાળ, ખાદ્ય તેલીબિયાં, તેલ, શાકભાજી, ફળો, સૂકોમેવો, મસાલા, શેરડી અને પાળેલાં મરઘાં ઉછેર, ડુક્કર ઉછેર, બકરાં પાલન, માછીમારી અને ડેરી વગેરે કે જે માણસના આહાર માટે તેના પ્રાકૃતિક કે પ્રક્રિયા કરેલા સ્વરૂપમાં રાખવામાં આવ્યા હોય.

(ii) પશુઓ માટેનો ઘાસચારો કે જેમાં ખોળ કે અન્ય મિશ્રણ જેવા પદાર્થો; અને

(iii) કાચો કપાસ, પીંજેલું કે ન પીંજેલું રૂ, કપાસિયા અને કાચું શણ;

(ખ) "ઈલેક્ટ્રોનિક ટ્રેડીંગ એન્ડ ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ" નો અર્થ છે એક એવું પ્લેટફોર્મ કે જેની અંદર ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને ઈન્ટરનેટના ઉપયોગના નેટવર્ક દ્વારા કૃષિ ઊપજના વ્યાપાર અને વાણિજ્યના સંચાલન માટે પ્રત્યક્ષ અને ઓનલાઈન ખરીદ વેચાણને સ્વાભાવિક અને સરળ બનાવવામાં આવે છે જેને લીધે કૃષિ ઉપજના આવી પ્રત્યેક લેવડદેવડનું ખરેખર વિતરણ થાય છે.

(ગ) "ખેડૂત" એટલે એવી વ્યક્તિ કે જે જાતે અથવા ભાડે રાખેલા શ્રમિકો દ્વારા ઊપજનું અને ઉત્પાદનને લગતું કામકાજ કરે છે અથવા તો તેમાં કૃષિ ઉત્પાદક સંગઠનનો પણ સમાવેશ થાય છે;

(ઘ) "કૃષિ ઉત્પાદક સંગઠન" એટલે કોઈપણ નામે ઓળખાતી ખેડૂતોની મંડળી અથવા સમૂહ, -

(i) જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ જેની નોંધણી થઇ હોય; અથવા

(ii) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા પ્રાયોજિત કાર્યક્રમ અથવા તે હેઠળ સંવર્ધિત કોઈપણ યોજના;

(ઙ) "આંતર-રાજ્ય વ્યાપાર" એટલે કૃષિ ઊપજની એવી ખરીદી અથવા એવું વેચાણ કે જેમાં એક રાજ્યનો વેપારી બીજા રાજ્યના ખેડૂત અથવા વેપારી પાસેથી કૃષિ ઊપજ ખરીદે છે અને જ્યાંથી આવી કૃષિ ઊપજની ખરીદી કરી હોય અથવા જ્યાં આવી કૃષિ ઊપજ ઉત્પન્ન થઈ હોય; ત્યાંથી તે બીજા રાજ્યમાં મોકલવામાં આવતી હોય;

(ચ) "રાજ્યાંતર્ગત-વ્યાપાર" એટલે કૃષિ ઉપજની એવી ખરીદી અથવા એવું વેચાણ કે જેમાં એક રાજ્યનો વેપારી એ જ રાજ્યના ખેડૂત અથવા વેપારી પાસેથી કૃષિ ઊપજ ખરીદે છે જેમાં વ્યાપારી એવી કૃષિ ઊપજ ખરીદે છે અથવા જ્યાં આવી કૃષિ ઊપજ ઉત્પન્ન થઈ હોય;

(છ) "અધિસૂચના" એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારો દ્વારા સરકારી રાજપત્રમાં પ્રકાશિત કરેલી અધિસૂચના અને "નિર્દિષ્ટ" તથા "નિર્દિષ્ટ કરેલી" શબ્દપ્રયોગોનો અર્થ પણ તદનુસાર તે પ્રમાણે કરવાનો રહેશે;

(જ) "વ્યક્તિ" શબ્દમાં નીચેનાનો સમાવેશ થાય છે-

(ક) સંબંધિત વ્યક્તિ;

(ખ) ભાગીદારી પેઢી;

(ગ) કંપની;

(ઘ)મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી;

(ઙ) સહકારી મંડળી

(ચ) સોસાયટી; અથવા

(છ) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કાર્યક્રમ હેઠળ સંસ્થાપિત અથવા માન્યતા પ્રાપ્ત એવું કોઈપણ મંડળ અથવા વ્યક્તિઓનો એવો સમૂહ;

(ઝ) "નિયત" એટલે આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા નિર્ધારિત નિયમો;

(ઞ) "અનુસૂચિત કૃષિ ઊપજ" એટલે વિનિયમન

માટે કોઈ રાજ્ય એપીએમસી અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કૃષિત ઊપજ;

(ટ) "રાજ્ય" માં કેન્દ્રશાસિત સંઘ પ્રદેશનો સમાવેશ થાય છે;

(ઠ) "રાજ્ય એપીએમસી અધિનિયમ" એટલે કોઈપણ નામે ઓળખાતો, ભારતમાં અમલમાં હોય તેવો, રાજ્યનો કાયદો અથવા કેન્દ્રશાસિતપ્રદેશનો કાયદો, કે જે રાજ્યમાં ખેતીની ઊપજના બજારનું વિનિયમન કરતો હોય;

(ડ) "વ્યાપાર ક્ષેત્ર" એટલે જેમાં નીચે દર્શાવેલું એવું કોઈપણ ક્ષેત્ર અથવા સ્થાન, ઉત્પાદન, સંગ્રહ અને એકત્રીકરણનું સ્થળનો સમાવેશ થતો હોય-

(ક) પેઢીના દરવાજા;

(ખ) કારખાનાની જગ્યા;

(ગ) વખારો (વેરહાઉસ);

(ઘ) કોઠાર (સાઈલો);

(ઙ) શીતાગાર (કોલ્ડસ્ટોરેજ);

(ચ) અન્ય કોઈપણ સંરચના અથવા સ્થાન,

જ્યાંથી કૃષિ ઉપજના વેપારને ભારતમાં સંચાલિત કરી શકાય તેમ હોય તો પણ તેમાં નીચે દર્શાવેલી જગ્યા, વાડો અને સંરચનાઓનો સમાવેશ થશે નહીં-

(i) ભારતમાં અમલમાં હોય તેવા પ્રત્યેક રાજ્યના એપીએમસી અધિનિયમ હેઠળ રચાયેલી બજાર સમિતિઓ દ્વારા

સંચાલિત મુખ્ય બજારની જગ્યાઓ, પેટા બજારની જગ્યાઓ અને પેટા બજારની વાસ્તવિક હદ ધરાવતી જગ્યાઓ;

(ii) ભારતમાં અમલમાં હોય તેવા પ્રત્યેક રાજ્યના એપીએમસી અધિનિયમ હેઠળ બજાર અથવા માની લેવામાં આવેલી બજારના સ્વરૂપના અધિસૂચિત કોઈપણ વેરહાઉસ, સાઈલો, શીતાગાર અથવા અન્ય સંરચનાઓ અથવા લાઈસન્સ ધારકો દ્વારા ચલાવવામાં આવતી અંગત બજારો ખેડૂત-ગ્રાહક બજારની જગ્યાઓ, અંગત પેટા બજારોની જગ્યાઓ, પ્રત્યક્ષ વસૂલી કેન્દ્ર અને અને અંગત ખેડૂત-ગ્રાહક બજારની જગ્યાઓ;

(ઢ) "વેપારી" એટલે એવી વ્યક્તિ કે જે જથાબંધ વેપાર, છૂટક વેપાર, આખરી ઉપયોગ કરનારાઓ, મૂલ્યવર્ધન, પ્રક્રિયા, નિર્માણ, નિકાસ, ઉપભોગ અથવા આવા અન્ય હેતુઓ માટે એક અથવા એક કરતાં વધારે વ્યક્તિઓ તરફથી અથવા પોતાને માટે અથવા આંતર-રાજ્ય અથવા રાજ્યાંતર્ગત વેપાર અથવા તેમનાં સંયોજન દ્વારા કૃષિ ઊપજની ખરીદી કરતા હોય.

## પ્રકરણ II

## કૃષિ ઊપજના વ્યાપાર અને વાણીજ્યનું સંવર્ધન અને સરળીકરણ

વેપારી ક્ષેત્રમાં વેપાર અને વાણિજ્યનું સંચાલન કરવાની સ્વતંત્રતા.

૩. આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, કોઈપણ ખેડૂત કે વેપારી અથવા ઈલેક્ટ્રોનિક વેપાર અને સોદાનાં પ્લેટફોર્મમાં લેવડદેવડની એવી સ્વતંત્રતા મળશે કે જેથી તે વેપારી ક્ષેત્રમાં કૃષિ ઊપજનું આંતર-રાજ્ય અને રાજ્યાંતર્ગત વેપાર અને વાણિજ્યનુ સંચાલન કરી શકે.

અનુસૂચિત કૃષિ ઊપજનો વેપાર અને વાણિજ્ય

૪. (૧) કોઈપણ વેપારી વેપારી ક્ષેત્રમાં કોઈ ખેડૂત અથવા બીજા વેપારીની સાથે અનુસૂચિત કૃષિ ઊપજનો આંતર-રાજ્ય અથવા રાજ્યાંતર્ગત વેપાર કરી શકે છે.

એ શરતે કે કૃષિ ઉત્પાદક સંગઠનો અથવા કૃષિ સહકારી સમિતિ સિવાય કોઈપણ વેપારી ત્યાં સુધી કોઈ એવી અનુસૂચિત કૃષિ ઊપજનો વેપાર નહીં કરે કે જ્યાં સુધી તે વેપારીનીપાસે આવકવેરા અધિનિયમ ૧૯૬૧ હેઠળ ફાળવેલી કાયમી ખાતા સંખ્યા

૧૯૬૧ ની ૪૩ અથવા કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચિત કરેલો દસ્તાવેજ ન હોય.

(૨) કેન્દ્ર સરકાર દ્વારા જો તેને જાહેર હિત માટે એવું કાર્ય કરવું આવશ્યક છે એમ લાગે તો તે વેપારી ક્ષેત્રમાં અનુસૂચિત કૃષિ ઊપજના વેપાર, વેપારી લેવડદેવડ સંબંધિત સિદ્ધાંતો અને ચુકવણીની રીત માટે ઇલેક્ટ્રોનિક નોંધણી કરવા અંગેની ઉચિત વ્યવસ્થા કરશે.

(૩) ખેડૂતો સાથે લેવડદેવડ કરવાવાળો પ્રત્યેક વેપારી એ જ દિવસે જેના સોદા કરેલા હોય તેવી કૃષિ ઊપજની અથવા પ્રક્રિયા અનુસાર અપેક્ષિત હોય તો તે મુજબ વધારેમાં વધારે કામકાજના ૩ દિવસોની અંદર ચુકવણી કરશે એ ચુકવણી એવી શરતોને આધીન રહેશે કે ચુકવણીની રકમ સાથે તેને લગતી સોંપણીની પહોંચ એ જ દિવસે ખેડૂતને આપી દેવામાં આવે:

એ શરતે કે કેન્દ્ર સરકાર ખરીદનાર તરફથી ચુકવણીની પહોંચ સાથે જોડાયેલી કૃષિ સહકારી સમિતિ અથવા કૃષિ ઊપજ સંગઠન, કોઈપણ નામે ઓળખાતી હોય, માટે ચુકવણીની કોઈ અલગ પ્રક્રિયા નિયત કરે.

ઇલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મ

૫. (૧) આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ ફાળવવામાં આવેલી કાયમી ખાતા સંખ્યા અથવા કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચિત એવો કોઈ અન્ય દસ્તાવેજ ધરાવતી કોઈપણ વ્યક્તિ (સંબંધિત વ્યક્તિ સિવાયની), કોઈ કૃષિ ઉત્પાદક ઉત્પાદક સંગઠન અથવા કૃષિ સહકારી સમિતિ વેપારી ક્ષેત્રમાં અનુસૂચિત કૃષિ ઊપજને આંતર-રાજ્ય અથવા રાજ્યાંતર્ગત વેપાર અને વાણિજ્યને સરળ બનાવવા માટે એક ઇલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મની

સ્થાપના કરીને તેનું સંચાલન કરી શકે:

એ શરતે કે ઇલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મ સ્થાપવા અને સંચાલિત કરવાવાળી વ્યક્તિ અન્ય પ્લેટફોર્મ સહિત આંતર-સંચાલન ક્ષમતા, તેને લગતી સામગ્રીની વ્યવસ્થા, ગુણવત્તા મૂલ્યાંકન, સમયસરની ચુકવણી, પ્લેટફોર્મના સંચાલન સ્થળની સ્થાનિક ભાષામાં માર્ગદર્શક સૂચનોનો પ્રસાર અને એવી

૧૯૬૧ ની ૪૩ અન્ય બાબતો સહિત વેપારની પદ્ધતિ, ફી, પારિભાષિક પરિમાણો જેવી ઉચિત વેપારી પ્રણાલી માટે માર્ગદર્શક સૂચનો તૈયાર કરી તેને અમલમાં મૂકે.

(૨) જો કેન્દ્ર સરકારનો અભિપ્રાય એવો હોય કે જાહેર હિત માટે એમ કરવું હિતાવહ છે તો તે ઇલેક્ટ્રોનિક વેપારી પ્લેટફોર્મ માટે નીચે દર્શાવેલા નિયમો તૈયાર કરી શકે છે-

(ક) નોંધણીની પ્રક્રિયા, માનદંડ, રીતનો નિર્દેશ કરવો; અને

(ખ) તેના લોજીસ્ટીક્સની વ્યવસ્થા, અનુસૂચિત કૃષિ ઉપજની ગુણવત્તા મૂલ્યાંકન અને ચુકવણીની રીત સહિત વેપારી લેવડદેવડ સંબંધિત સિદ્ધાંતો અને અન્ય પ્લેટફોર્મની સાથે આંતર-સંચાલન સહિત આચાર-સંહિતા અને પારિભાષિક માપદંડોનો નિર્દેશ કરવો,

વેપારી ક્ષેત્રમાં અનુસૂચિત કૃષિ ઊપજને આંતર-રાજ્ય અને રાજ્યાંતર્ગત વેપારને સરળ બનાવવા માટે.

વેપારી ક્ષેત્રમાં રાજ્ય એપીએમસી અધિનિયમ હેઠળ બજાર ફી

૬. રાજ્ય એપીએમસી અધિનિયમ હેઠળ કોઈપણ નામ સાથે સંબધિત કોઈપણ બજાર ફી અથવા ઉપકરની (સેસ) વેપારી ક્ષેત્રમાં કૃષિ ઊપજના વેપાર અને વાણિજ્ય માટે કોઈપણ ખેડૂત અથવા વેપારી અથવા ઇલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મ પરથી

વસૂલાત નહીં કરવામાં આવે:

૭. (૧) કેન્દ્ર સરકાર આને લગતી સૂચનાના પ્રસાર કાર્ય વ્યવસ્થા અને કૃષિ ઊપજની કિંમત અંગેની માહિતી અને બજાર માહિતી પ્રણાલીને કેન્દ્ર સરકારના કોઈ સંગઠન દ્વારા વિકસિત કરી શકે છે.

કિંમતની માહિતી અને માહિતી પ્રણાલી

(૨) આ બાબતમાં કેન્દ્ર સરકારને એવી કોઈ વ્યક્તિની જરૂર પડશે જે નિયત લેવડદેવડની બાબતમાં ઈલેક્ટ્રોનિક વેપાર અને સોદાના પ્લેટફોર્મની માલિકી ધરાવતી હોય અને તેનું સંચાલન કરતી હોય.

સ્પષ્ટીકરણ - આ વિભાગના હેતુઓ માટે, "કેન્દ્ર સરકાર સંગઠન" શબ્દપ્રયોગમાં કોઈપણ ગૌણ અથવા સલગ્ન કાર્યાલય, સરકારી માલિકીની અથવા તેના દ્વારા શરુ કરવામાં આવેલી કંપની અથવા સમિતિનો સમાવેશ થશે.

## પ્રકરણ III

## તકરારનું નિવારણ

૮. (૧) જો આ અધિનિયમની કલમ ૪ મુજબ કોઈ ખેડૂત અને વેપારી વચ્ચે લેવડદેવડ દરમિયાન કોઈ તકરાર ઊભી થાય તો, બંને પક્ષકારો ઉપ-વિભાગીય મેજીસ્ટ્રેટને અરજી કરીને પરસ્પર સમજીને સ્વીકાર્ય સુખદ સમાધાન શોધી શકે છે કે જેઓ તકરારના અનિવાર્ય સમાધાનને સરળ બનાવવા માટે ઉપ-વિભાગીય મેજીસ્ટ્રેટ દ્વારા નિયુક્ત કરવામાં આવે તે સમાધાન બોર્ડને આવી તકરાર મોકલી આપશે.

(૨) પેટા કલમ (૧) હેઠળ ઉપ-વિભાગીય મેજીસ્ટ્રેટ દ્વારા નિયુક્ત દરેક સમાધાન બોર્ડમાં ઉપ-વિભાગીય મેજિસ્ટ્રેટ દ્વારા એક અધ્યક્ષ અને ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે ચાર સભ્યોનો, જે તેમને ઉચિત જણાય, તેમનો સમાવેશ થશે.

(૩) અધ્યક્ષ ઉપ-વિભાગીય મેજિસ્ટ્રેટ હેઠળ સેવારત દેખરેખ અને નિયંત્રણ અધિકારી હશે અને બીજા સભ્યો સરખી સંખ્યામાં નિયુક્ત એવી વ્યક્તિઓ હશે જે તકરાર વખતે બંને પક્ષોનું પ્રતિનિધિત્વ કરશે તથા કોઈ એક પક્ષનું પ્રતિનિધિત્વ કરવા માટે નિયુક્ત કોઈ વ્યક્તિને તે પક્ષની ભલામણ પર નિયુક્ત કરવામાં આવશે.

એ શરતે કે જો કોઈ પક્ષ સાત દિવસની અંદર એવી ભલામણ કરવામાં નિષ્ફળ રહેશે તો ઉપ-વિભાગીય મેજિસ્ટ્રેટ તે પક્ષનું પ્રતિનિધિત્વ કરવા માટે એવી વ્યક્તિઓને નિયુક્ત કરશે કે જેને તેમને યોગ્ય લાગે.

(૪) જયારે કોઈ તકરાર વખતે સમાધાનની કાર્યવાહી દરમિયાન કોઈ નિર્ણય પર આવી જવાય તો તે સમાધાનને અનુરૂપ એક નિવેદન તૈયાર કરવાનું રહેશે અને એવી તકરાર અંગે બંને પક્ષોએ તેના પર સહી કરશે જેનો અમલ કરવો બંને પક્ષો માટે બંધનકર્તા રહેશે.

(૫) જો બંને પક્ષો પેટા કલમ (૧) મુજબ નિર્ધારિત રીતે ૩૦ દિવસની અંદર તકરારનું સમાધાન કરવામાં નિષ્ફળ રહેશે તો તેઓ ફરી સંબંધિત ઉપ-વિભાગીય મેજીસ્ટ્રેટનો સંપર્ક સાધશે જે એવી તકરાર સમાધાન માટે ઉપ-વિભાગીય સત્તાધિકારી હોય.

(૬) ઉપ-વિભાગીય સત્તાધિકારી પોતાની જાતે જ અથવા કોઈની અરજી પર અથવા સરકારી સંસ્થાના સંદર્ભ પર કલમ ૪ ની જોગવાઈઓનું અથવા તેના આધાર પર બનાવેલા નિયમોનું ઉલ્લંઘન થયાનું ધ્યાન પર આવે તો પેટા-કલમ (૭) હેઠળ દાવો દાખલ કરશે.

(૭) ઉપ-પ્રભાગીય સત્તાધારી બાબતને દાખલ કર્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર બંને પક્ષોને સાંભળવાની તક આપ્યા પછી આ વિભાગ હેઠળ તકરાર અથવા સંબંધિત ઉલ્લંઘન અંગે નિર્ણય લઈને -

(ક) તે તકરાર સાથે સંકળાયેલી રકમની વસૂલાત કરવાનો હુકમ આપશે.

(ખ) તે કલમ ૧૧ ની પેટા-કલમ (૧) માં નિર્ધારિત આર્થિક દંડ કરશે; અથવા

(ગ) તે યથોચિત મુદત સુધી આ અધિનિયમ હેઠળ સંબંધિત તકરારમાં વેપારીને અનુસૂચિત કૃષિ ઊપજનો કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ વેપાર અને વાણિજ્ય હાથ ધરતા રોકવા માટેનો હુકમ કરશે.

(૮) ઉપ-વિભાગીય સત્તાધિકારીના હુકમથી નારાજ કોઈપણ પક્ષ એવો હુકમ થયાના ત્રીસ દિવસની અંદર અપીલ અધિકારીને (સમાહર્તા અથવા સમાહર્તા દ્વારા નામનિર્દિષ્ટ અધિક સમાહર્તાને) અપીલ કરી શકે છે. જે એવી અપીલ દાખલ કરવામાં આવ્યાની તારીખથી ત્રીસ દિવસ સુધીમાં તેનો નિકાલ કરશે.

(૯) આ વિભાગ હેઠળ ઉપ-વિભાગીય સત્તાધિકારી અથવા અપીલ અધિકારીનો પ્રત્યેક હુકમ દીવાની અદાલત દ્વારા ફરમાવેલું હુકમનામું બની રહેશે અને તેનો અમલ હુકાનામાની જેમ જ થશે તથા હુકમમાં જણાવેલી રકમને જમીન મહેસૂલની બાકી રકમની જેમ જ વસૂલ કરવામાં આવશે.

(૧૦) ઉપ-વિભાગીય સત્તાધિકારી અને અપીલ અધિકારી સમક્ષ આવેલી અરજ અથવા અરજી માટે એ જ પ્રક્રિયા અને રીત અપનાવામાં આવશે જે નિયમોમાં નિયત કરવામાં આવી છે.

ઈલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મને ચલાવવાના અધિકારોને સ્થગિત કરવા અથવા રદ્ કરવા

૯. (૧) કૃષિ વ્યાપાર સલાહકાર, વ્યાપાર અને તપાસણી નિયામકની કચેરી, ભારત સરકાર અથવા રાજ્ય સરકારના એવા અધિકારી કે જેને સંબંધિત રાજ્ય સરકારની સલાહ પર કેન્દ્ર સરકાર દ્વારા એવી સત્તા સોંપવામાં આવી છે કે જે પોતાના જ પ્રસ્તાવ પરઅથવા કોઈની અરજ પર અથવા કોઈપણ સરકારી એજન્સીના

સંદર્ભે પર, નોંધણીની કાર્યપદ્ધતિ, ધારાધોરણો, રીત અને આચારસંહિતાના ઉલ્લંઘન અથવા ઈલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડપ્લેટફોર્મ દ્વારા વાજબી વેપારી પ્રણાલી માટેની કોઈપણ માર્ગદર્શક સૂચનાનું કલમ ૫ હેઠળ નિર્દિષ્ટ અથવા કલમ ૭ ની જોગવાઈઓનું ઉલ્લંઘન થયાનું ધ્યાનમાં લઈને, હુકમ કરીને અરજી મળ્યાના સાઠદિવસની અંદર અને તેના કારણોની નોંધ લઈને, તે -

(ક) ખેડૂતો અથવા વેપારીઓને ચુકવવાપાત્ર રકમ વસૂલવા માટેનો હુકમ કરી શકે;

(ખ) કલમ ૧૧ ની પેટા-કલમ (૨) માં નિયત દંડ કરી શકે; અથવા

(ગ) તેને ઉચિત લાગે તેટલા સમય સુધી ઈલેક્ટ્રોનિક વેપારની સમયાવધિને સ્થગિત કરી શકે અથવા પ્લેટફોર્મ ચલાવવાની મંજૂરી રદ્ કરી શકે.

એ શરતે કે કોઈ રકમ વસૂલ કરવાનો, અને ઈલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મના સંચાલકને તેની વાતની સુનાવણી કરવાની તક આપ્યા વગર દંડ કરવાનો અથવા તેના સંચાલન કરવાના અધિકારને સ્થગિત કરવાનો અથવા તેને રદ્ કરવાનો કોઈ હુકમ કરવામાં નહીં આવે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલો કોઈપણ હુકમ દીવાની અદાલતના હુકમનામાની જેમ જ અમલમાં મૂકવામાં આવશે અને હુકમનામાની રકમની જમીન મહેસૂલની ચઢત બાકી રકમની જેમ જ વસૂલ કરવામાં આવશે.

સંચાલન કરવાના અધિકારને રદ્ કરવા વિરુદ્ધ અપીલ.

૧૦. (૧) કલમ ૯ હેઠળ કરવામાં આવેલા હુકમ સામે કોઈ વ્યક્તિ નારાજ હોય તો તે આ હેતુ માટે આવા હુકમની તારીખથી સાઠ દિવસમાં કેન્દ્ર સરકાર દ્વારા નામનિર્દિષ્ટ અને જે ભારત સરકારના સંયુક્ત સચિવ કરતા નીચેની શ્રેણીના ન હોય તેવા અધિકારીને અપીલ કરી શકે છે.

એ શરતે કે કે સાઠ દિવસનો ઉપર્યુક્ત સમયગાળો પૂરો થયા પછી પણ અપીલનો સ્વીકાર કરી શકાય, પરંતુ કુલ  સમયગાળો નેવું દિવસથી વધારે ન થતો હોય તો. એ શરતે કે અપીલ કરનાર કેન્દ્ર સરકારને સંતોષ થાય તેવી રીતે એ દર્શાવી શકે કે તેની પાસે ઉપર્યુક્ત સમયગાળામાં અપીલ ન કરવા માટે પર્યાપ્ત કારણ હતું.

(૨) આ  કલમ હેઠળ પ્રત્યેક અપીલ એવા સ્વરૂપમાં અને એવી રીતે બનાવવામાં આવશે અને તે એ હુકમની નકલની સાથે રજૂ કરવામાં આવશે કે જેની વિરુદ્ધમાં અપીલ કરવામાં આવી છે અને તેની સાથે નિયત ફી પણ લેવામાં આવશે.

(૩) અપીલનો નિકાલ કરવાની પ્રક્રિયા એ જ રહેશે જે નિયત કરવામાં આવી હોય.

(૪) આ  કલમ હેઠળ દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી અને નિકાલ તેના દાખલ કાર્યની તારીખથી નેવું દિવસમાં કરવામાં આવશે.

એ શરતે કે એવી અપીલનો નિકાલ કરતાં પહેલાં અપીલ કરનારને સાંભળવાની તક આપવામાં આવે.

## પ્રકરણ IV

## દંડ

અધિનિયમ અને નિયમોના ઉલ્લંઘન માટે ભરવો પડતો દંડ.

૧૧. (૧) જે કોઈ કલમ ૪ ની જોગવાઈઓ અથવા તેની હેઠળ નિર્દિષ્ટ નિયમોનું ઉલ્લંઘન કરશે તે એવો દંડ ભરવા માટે જવાબદાર રહેશે જે પચીસ હાજર રૂપિયાથી ઓછો ન હોય અને તે રકમને પાંચ લાખ રૂપિયા સુધી વધારી શકાશે, અને તે ઉપરાંત જ્યાં ક્યાંય આવું ઉલ્લંઘન સતત ચાલુ રહેતું હોય, ત્યાં પહેલા દિવસ પછીના પ્રત્યેક દિવસ માટે જેટલા દિવસ સુધી ઉલ્લંઘન ચાલુ રહે તેટલા દિવસ સુધી પાંચ હજાર રૂપિયાનો વધારાનો દંડ કરવામાં આવશે.

(૨) જો ઈલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મ ધરાવતી, નિયંત્રિત કરતી અથવા સંચાલિત કરતી હોય તેવી કોઈ વ્યક્તિ કલમ ૫ અને કલમ ૭ ની જોગવાઈઓનું અથવા તેની હેઠળ નિર્દિષ્ટ નિયમોનું ઉલ્લંઘન કરે તો તે એવો દંડ ભરવા માટે જવાબદાર રહેશે કે જે પચાસ હાજર રૂપિયાથી ઓછો ન હોય પણ તેની રકમને વધારીને દસ લાખ રૂપિયા જેટલી કરી શકાશે અને જ્યાં સુધી ઉલ્લંઘન થવાનું સતત ચાલુ રહે ત્યાં પહેલાં દિવસ પછીના પ્રત્યેક દિવસ માટે દસ હાજર રૂપિયાથી વધારે નહીં તેવો વધારાનો દંડ કરવામાં આવશે.

## પ્રકરણ V

## પ્રકીર્ણ

સૂચનાઓ, નિર્દેશ, હુકમો અથવા માર્ગદર્શક સૂચના બહાર પાડવાની કેન્દ્ર સરકારની સત્તા.

**૧૨. કેન્દ્ર સરકાર આ અધિનિયમની જોગવાઈઓકરવા માટે જ્યાં જરૂરી જણાય ત્યાં કોઈપણ સત્તાધિકારી અથવા કેન્દ્ર સરકારના તાબાનાઅધિકારી, કોઈપણ રાજ્ય સરકાર અથવા તેના કોઈ સત્તાધિકારી અથવા રાજ્ય સરકારના તાબાના અધિકારી, ઈલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મ અથવા ઈલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મ ધરાવતી અથવા સંચાલિત કરનારી કોઈ વ્યક્તિ અથવા વક્તિઓ અથવા વેપારી વર્ગને એવી સૂચનાઓ, નિર્દેશ, હુકમો આપી શકે છે અથવા માર્ગદર્શક સૂચના બહાર પાડી શકે છે.**

સદભાવથી કરેલી કાર્યવાહી પર રક્ષણ

૧૩. કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારના કોઈ અધિકારીએ અથવા રાજ્ય સરકાર અથવા કોઈ એવી કોઈ અન્ય વ્યક્તિએ કે જેણે આ અધિનિયમ અથવા તેની હેઠળ બનાવેલા નિયમો અને હુકમોનો અમલ કરીને સદભાવથી તેનું પાલન કર્યું હોય અથવા તેનું પાલન કરવાનો આશય ધરાવતી હોય તેની સામે કોઈપણ દાવો, ફરિયાદ કરવી કે અન્ય કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં નહીં આવે.

ઉપરવટ બાબતો પર આ અધિનિયમની અસર

૧૪. આ અધિનિયમની જોગવાઈઓ, કોઈપણ રાજ્યના એપીએમસી અધિનિયમમાં અથવા જે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની અસર ધરાવતા દસ્તાવેજમાં ગમે તેટલી અસંગતિ હોય તો પણ, અસરકારક રહેશે

દીવાની અદાલતના અધિકાર ક્ષેત્ર પર પ્રતિબંધ

૧૫. કોઈ દીવાની અદાલતની પાસે આવી કોઈપણ બાબતના મુકાદ્મા અથવા કાર્યવાહીનો ક્ષેત્રાધિકાર નહિ રહે કે જેની જાણકારી મેળવી શકાય અને જેનો આ અધિનિયમ અથવા તેની હેઠળ બનાવેલા નિયમો કોઈ સત્તાધિકારી દ્વારા કોઈ અધિકારીને આપીને તેનો નિકાલ કરી શકાય.

કેટલીક એવી લેવડદેવડ કે જેને આ અધિનિયમ લાગુ નહીં થાય.

૧૬. આ અધિનિયમમાં એવું કાંઇ નથી કે જે જામીનગીરી કરાર (વિનીયમન) અધિનિયમ,૧૯૫૬ હેઠળ માન્યતા પ્રાપ્ત શેરબજાર અને ક્લીયરીંગ કોર્પોરેશનની અંદર કરેલી લેવડદેવડને લાગુ પડતું હોય.

૧૯૫૬ ની ૪૨

કેન્દ્ર સરકારની કાયદો બનાવવાની સત્તા.

૧૭. (૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા માટે, જાહેરનામા દ્વારા, નિયમો બનાવી શકે છે.

(૨) ખાસ કરીને અને પૂર્વગ્રહ વગર સામાન્ય રીતે આગળ જણાવેલી સત્તા હેઠળ બનાવેલા નિયમો બધી અથવા નીચે દર્શાવેલી બાબતોમાંથી કોઈપણ બાબતની વ્યવસ્થા કરે છે, એટલે કે -

(ક) કલમ ૪ ની પેટા કલમ (૨) હેઠળ નિયત કૃષિ ઊપજની વેપારી લેવડદેવડ તથા સંબંધિત વેપારી અને વેપારના પ્રકારની ઈલેક્ટ્રોનિક નોંધણીની પ્રણાલી;

(ખ) કલમ ૪ ની પેટા કલમ (૩) હેઠળની શરતો હેઠળ ચુકવણીની પ્રક્રિયા;

(ગ) કલમ ૮ ની પેટા-કલમ (૧૦) હેઠળ ઉપ-વિભાગીય સત્તાધિકારી અને અપીલ અધિકારી સમક્ષ અરજ અથવા અરજી દાખલ કરવાની રીત અને પ્રક્રિયા;

(ઘ) કલમ ૯ ની પેટા કલમ (૨) હેઠળ લેવડદેવડ અંગેની માહિતી;

(ઙ) કલમ ૧૦ ની પેટા કલમ (૩) હેઠળ અપીલ કરવા માટેનું ફોર્મ અને રીત તથા ચુકવવાપાત્ર ફી;

(ચ) કલમ ૧૦ ની પેટા કલમ (૩) હેઠળ અપીલનો નિકાલ કરવાની પ્રક્રિયા;

(છ) અન્ય કોઈપણ એવી બાબત કે જે નિયત કરવાની હોય કે નિયત કરવાની બાકી રહી ગઈ હોય.

નિયમોની પ્રસ્તુતિ

૧૮. આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા બનાવેલો પ્રત્યેક નિયમ, તે બની જાય ત્યારબાદ તાત્કાલિક તેને પ્રત્યેક સંસદ ભવનમાં જયારે તેનું સત્ર ચાલી રહ્યું હોય ત્યારે કુલ ૩૦ દિવસની અંદર રજૂ કરવામાં આવશે જેમાં એક સત્ર અથવા બે અથવા બેથી વધારે ક્રમિક સત્રનો સમાવેશ થશે અને જો ઉપર્યુક્ત ક્રમિક સત્ર અથવા સત્રો પછી તરત જ સત્ર સમાપ્ત થાય તે પહેલાં બંને ભવન નિયમોમાં સુધારાવધારા કરવા માટે સહમત થતા હોય અથવા બંને ભવન એ વાત સાથે સહમત થતા હોય કે આ નિયમો ન બનાવવા જોઈએ અને એ કે તદુપરાંત આ નિયમો ફક્ત એવા સુધારાવધારા

કરેલા સ્વરૂપમાં જ અમલમાં આવશે અથવા અમલમાં નહીં આવે, જે પણ બાબત હોય, તો પણ આ અંગે કોઈપણ સુધારા અથવા લોપ એ નિયમની પૂર્વે આપવામાં આવેલી કોઈપણ માન્યતા અંગે કોઈ પૂર્વગ્રહ વગર કરવામાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા

૧૯. (૧) જો આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય તો કેન્દ્ર સરકાર સરકારી રાજપત્રમાં પ્રકાશિત હુકમ દ્વારા એવી જોગવાઈઓ કરી શકે છે જે અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય અને જે મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી જણાતી હોય:

(૨) આ ખંડમાં બનાવવામાં આવેલી દરેક કલમ, તેનાબનાવ્યા પછી તરત જ પ્રત્યેક સંસદ ભવનમાં રજૂ કરવામાં આવશે.

૨૦. (૧) કૃષિ ઊપજ વ્યાપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા)વટહુકમ,૨૦૨૦, આ દ્વારા રદ કરવામાં આવે છે

નિરસન અને બચત

(૨) આવા રદબાતલ સ્થાયી સાથે નહીંકૃષિ ઊપજ વ્યાપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા)વટહુકમ,૨૦૨૦કાંઇ પણ કર્યું અથવા કોઈ પગલાં લીધાંઆ અધિનિયમની ગેરવાજબી જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલ અથવા લેવામાં આવેલ હોવાનું માનવામાં આવશે

ડૉ. જી. નારાયણ રાજુ,

સચિવ, ભારત સરકાર.